## મુલ્તવી રહ્યા...

● છેલ્લા પાનાનું ચાલુ

સેક્ટરોને ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા અંગેના ટેન્ડરને પણ આજની બેઠકમાં બહાલી આપવામાં આવી છે. જો કે કમ્પાઉન્ડ વોલ બનાવતી વખતે કાઉન્સીલરો દ્વારા થયેલ સૂચનોનો પણ અમલ એજન્સીએ કરવાનો રહેશે તેમ જણાવ્યુ છે.

બે કલાકથી વધુ સમય ચાલેલી આજની સ્થાયી સમિતિમાં ઘણા બધા મુદ્દાઓ પર સભ્યોએ રોષ વ્યક્ત કરી ઉગ્રતા પણ ધારણ કરી હતી. જો કે સભ્યોની ઉગ્ર રોષની લાગણી સામે તંત્રએ મૌન રહી અને પ્રત્યુત્તર આપવાનું મુનાસીબ માન્યુ હતુ.

જો કે તંત્ર સામે આજે જે રીતે ઉગ્ર રજુઆતો થઈ છે તે જ સ્પષ્ટ દર્શાવે છે કે તંત્ર અને ચૂંટાયેલી પાંખ વચ્ચે આગામી દિવસોમાં સંઘર્ષ વધુ તીવ્ર બનશે.

## કડક વલણ..

● છેલ્લા પાનાનું ચાલુ

કરાઈ તે અનુત્તર રહ્યુ છે.

જુલાઈથી ઓક્ટો. દરમ્યાન વરસાદના દિવસો હોવાથી પુરા દિવસો દરમ્યાન કામગીરી પણ કરવી શક્ય ન હતી તેમ છતાં રોજેરોજની કામગીરી બતાવી આ ચુકવણુ કરવામાં આવ્યુ હોવાની વિગતો પણ બહાર આવી છે.

આથી નિયમોનો ભંગ થયો છે તે સ્પષ્ટ થતાં આમાં જવાબદારો સામે પગલાં ભરવામાં આવે તેવી સ્પષ્ટ સૂચનાઓ આજે આપવામાં આવી છે. મનપામાં ભરતી કૌભાંડની વાત પછી સફાઈના બિલોમાં પણ ગફલાબાજીની બાબત પ્રકાશમાં આવતાં આજે મનપાની સેવાઓ વધુ એક ચર્ચામાં આવી છે. જોકે મનપાના સૌએ આજે મૌન ધારણ કરી લીધુ છે.

## સમિતિના સભ્યો ખફા...

● છેલ્લા પાનાનું ચાલુ

તંત્રના વલણને લઈ સરકારમાં રજુઆત કરવાની વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવી રહી હોવાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેવલ છે.

આજે સ્થાયી સમિતિની બેઠકમાં એક સભ્યએ એવી રજુઆત કરી હતી કે તેમણે ૭૦ જેટલા પત્રો લખ્યા છે પણ એકેયનો જવાબ આજદિન સુધી મળ્યો નથી.

આ પછી ઘણા બધા સભ્યોએ રજુઆત કરી હતી કે કોઈએ ૨૦ થી વધુ પત્રો લખ્યા છે તો કોઈએ ૧૦ થી વધુ પત્રો લખ્યા છે. પદાધિકારીઓના પત્રોનો સમય મર્યાદામાં જવાબ આપતા રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે સમય-મર્યાદા આપી છે. આમ છતાં કોઈ જ જવાબ તંત્ર તરફથી ન મળતાં સભ્યોનો ગુસ્સો સાતમે આસમાને પહોંચ્યો હતો.

## સમિતિ રચવા આદેશ...

● છેલ્લા પાનાનું ચાલુ

આવે તો આ બાબતે સ્થાયી સમિતિને પેટા સમિતિની રચના કરવાની ફરજ પડશે.

આજની બેઠકમાં આ મુદ્દે ઘણી બધી ઉગ્ર રજુઆતો તમામ સભ્યો દ્વારા થઈ હતી અને તેથી તંત્રના અધિકારીઓમાં પણ સોપો પડી ગયો હતો એટલુ જ નહિ તેમને મૌન ધારણ કરી લીધુ હતુ. સ્થાયી સમિતિએ આજે ભરતીને લઈ તપાસ સમિતિ રચના કરી અહેવાલ રજુ કરવાને લઈ મનપામાં પણ સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો.

સ્થાયી સમિતિએ આજે તંત્ર સામે આક્રમક રૂખ અપનાવ્યુ હતુ અને એજન્ડામાં ભરતીના નિયમોમાં સુધારા કરવાની દરખાસ્તને પણ અભ્યાસ માટે મુલ્તવી રાખવાનો નિર્ણય કર્યો હતો. આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં ચૂંટાયેલી પાંખ અને તંત્ર વચ્ચે વધતી જતી તિરાડ આગામી દિવસોમાં ઉગ્ર સંઘર્ષના સંકેતો આપી રહ્યાની વાત નગરમાં પણ ટોક ઓફ ધી ટાઉન બની હતી.

## અંધાપાનો ખતરો...

● ત્રીજા પાનાનું ચાલુ

ડાયાબિટીસના દર્દીએ નિદાન થયા બાદ દર વર્ષે આંખની તપાસ કરાવવી અનિવાર્ય છે. તેમણે જણાંવ્યુ હતુ કે આંખમાં ૨૦ ટકા અંધાપાનુ કારણ ડાયાબિટીસ છે. ડાયાબિટીસના કારણે માત્ર મોતિયો જ નહીં ગ્લુકોમાની બિમારી પણ આવે છે. જે વિઝનને ઓછુ કરે છે. ૧૭ થી ૨૦ ટકા અંધાપાનુ કારણ પણ માત્ર ડાયાબિટીસ છે. આ માટે જ આંખની તપાસ નિયમિત કરાવવી અનિવાર્ય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ ચેતવણી આપી છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૯૮ મિલિયન લોકો ટાઈપ -૨ પ્રકારના ડાયાબિટીસથી પીડાતા હશે. ગાંધીનગર શહેર તેમજ ગ્રામિણ વિસ્તારની ૧.૬૩ લાખ ડાયાબિટીસના દર્દીઓ છે. જયારે પ્રિડાયાબિટીક સહીત અંદાજિત ૨૪ ટકા જેટલા વ્યકિતઓ ડાયાબિટીસના દર્દીઓ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આ પૈકી ૪૦ થી ૬૫ વર્ષની ઉંમરના આ વ્યકિતઓ પૈકી ૩૦ ટકા શહેરમાં તેમજ ૫૦ ટકા જેટલા ગ્રામિણ વિસ્તારના દર્દીઓ તેમની આંખની તપાસ કરાવતા નથી. જયારે ડાયાબિટીસ હોય તેવા કીસ્સામાં ઝામર થવાની શક્યતા પણ આઠ ગણી વધી જાય છે. વૈશ્વિક આંકડાની સરખામણીએ ભારતમાં ૨૦૨૫ સુધીમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા ૭ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે. વિશ્વમાં દર પાંચમો દર્દી ભારતનો હશે. તા ૧૪ નવેમ્બરના રોજ ડાયાબિટીક ડે ની ઉજવણી અન્વયે સે-૬ સ્થિત તેજ આઈ સેન્ટર ખાતે ડાયાબિટીસના દર્દીઓની વિના મુલ્યે આંખની તપાસ કરવામાં આવશે. સે-૬ સ્થિત અદ્યતન તેજ આઈ સેન્ટરમાં રેટીનલ ડિટેચમેન્ટ સર્જરી, કીકીનો પ્રતિયારોપણ સહીતની સર્જરી પણ કરવામાં આવશે. તેમજ આઈ સેન્ટરની પાંચ શાખાઓ સાથે સુપર સ્પેશિયાલીટી આંખની હોસ્પિટલનુ નેટવર્ક પણ કાર્યરત છે. તબીબી સારવારની ઉત્તમ ટેકનોલોજી પણ આ સેન્ટરમાં ઉપલબ્ધ છે.

## મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

આપણે એક જ વરસમાં ગાંધીજીને ગુમાવ્યા. આઝાદીના માત્ર સાડાત્રણ વર્ષના ગાળામાં સરદાર ગયા. એ પછી જવાહરલાલે ૧૯૬૨ સુધી ભારતના વિકાસની બાગડોર સંભાળી હતી. એ કોઈ નાનુંસૂનું કામ ન હતું. આઝાદી સમયે એમણે આપેલું પ્રવચનની વિશ્વના શ્રેષ્ઠ પ્રવચનોમાં ગણના થાય છે. એ સમયે પણ જવાહર યુનોના મંચ ગજાવી શકતા હતા. હાલના વડાપ્રધાન પણ વિશ્વમંચો ગજાવી જાણે છે. પરંતુ બંને વચ્ચે થોડોક નહીં ઝાઝોબધો તફાવત છે. ગઈકાલના દિવ્ય ભાસ્કરની પૂર્તિમાં શ્રી નગીનદાસ સંઘવીએ લખ્યા મુજબ શ્રી જવાહરલાલને ફાળે રેતીમાં વહાણ ચલાવવાનું આવ્યું હતું. જ્યારે શ્રી નરેંદ્રભાઈએને એક આખું સરોવર ભરેલું મળ્યુ છે.

# સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં કરા સાથે જોરદાર વરસાદ

### અમરેલી, મોરબી, સુરેન્દ્રનગરમાં કરા સાથે વરસાદ

અમદાવાદ, તા.૧૩

સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગોમાં કરા સાથે વરસાદ પડતા ખેડૂતોની ચિંતા અકબંધ રહી છે. ઘણા વિસ્તારમાં આજે ભારે વરસાદ થયો હતો. ભારે વરસાદના કારણે તમામ લોકો આશ્ચર્યચકિત બનેલા છે. બીજી બાજુ હવામાન વિભાગના કહેવા મુજબ હજુ પણ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા ઉત્તર ગુજરાતમાં અને સૌરાષ્ટ્રના જુદાજુદા પંથકોમાં જારી રહી શકે છે જેમાં બનાસકાંઠા, પાટણ અને અમદાવાદનો સમાવેશ થાય છે. અમરેલી, ભાવનગરમાં પણ વરસાદ પડી શકે છે. આગામી પાંચ દિવસ સુધી હળવા ઝાપટાની આગાહી વચ્ચે લઘુત્તમ તાપમાનમાં પણ હવે ઘટાડો થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૩.૩ અને લઘુત્તમ તાપમાન ૨૧.૬ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે બાબરા, ગોંડલ અને રાજકોટ, જસદણ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આથી રાજકોટ માર્કેટ યાર્ડમાં ૨૦ હજાર ગુણી મગફળી પલળી હતી. જેની હરાજી કરવામાં આવી નથી. ત્યારે આજે સતત બીજા દિવસે અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. અમરેલીના ચલાલા, વડીયા, અમરેલી શહેરમાં ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જ્યારે ઝર, મોરઝર, પરવડી સહિતના પંથકોમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. સુરેન્દ્રનગર, મોરબી જિલ્લામાં કરા તથા ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો અને કરા પડયા હતા.

















































